# ભાગ્ય બડે જહાં સંત પધારે

**સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા ને સંતોનાં પરદેશમાં વિચરણ**

સંતભગવંત સાહેબજીની આજ્ઞા ઝીલી સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને સંતો પરદેશમાં સત્સંગલાભ આપી રહ્યા છે. અહોરાત્ર વિચરણ કરી સૌ મુમુક્ષુ આત્માઓની સત્સંગની ભૂખ-તરસ છિપાવી રહ્યા છે. સૌને ઉપાસનાના સનાતન સિદ્ધાંતોની સમજ આપી સુખિયાં કરી રહ્યા છે. એ રીતે તો પશ્ચિમમાં ભક્તિનો સૂરજ ઉગાવી રહ્યા છે.

જુલાઈ અને ઑગસ્ટ માસમાં કૅનેડા અને અમેરિકાનાં વિવિધ કેન્દ્રોમાં વિચરણ કરી ૪ સપ્ટેમ્બરના રોજ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા પૉર્ટલૅન્ડ પધાર્યા. ઍલનટાઉનથી પૂ. કૌશિકભાઈ અને પૂ. અરવિંદભાઈ પણ તેમની સાથે જોડાયા. સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી કૃતાર્થ કર્યાં. ૬ સપ્ટેમ્બરના રોજ બૉસ્ટન પધાર્યા. ૬થી ૮ સપ્ટેમ્બર દરમિયાન બૉસ્ટનમાં મુક્તોના નિવાસસ્થાને, કર્મયોગના સ્થાને પધારી મહાપૂજા-પ્રાર્થનાઓ કરી આશીર્વાદ વરસાવ્યા અને ત્યાંથી ઍલનટાઉન પધાર્યા. ૯થી ૧૩ સપ્ટેમ્બર સુધી ઍલનટાઉન મંદિરે રોકાઈ સ્થાનિક ભક્તોના ઘરે પધરામણીઓ કરી, મંદિરે દર્શનાર્થે પધારેલ મુક્તોને આશીર્વાદ-સમાગમનું સુખ આપ્યું તેમજ નિત્ય સભામાં આશિષ-પરાવાણી વહાવી સૌને ધન્ય કર્યાં. ૧૪-૧૫ સપ્ટેમ્બરના રોજ લૅન્સડેલ પધારી ઍડલ્ટ ડે કૅર સૅન્ટરમાં પધાર્યા, જ્યાં વૃદ્ધાવસ્થાનું જીવન જીવતા ગુજરાતી વડીલોને મળ્યા. સૅન્ટરની પ્રવૃત્તિઓ નિહાળી પૂ. અશ્વિનદાદાએ સૌને 'ચાલશે, ફાવશે અને ગમશે...'ની ચાવી બતાવી સુખી કર્યાં. ૧૬ સપ્ટેમ્બરના રોજ પૂ. હર્ષદદાદા અને પૂ. જયેશભાઈ ઍટલાન્ટા પધાર્યા તથા પૂ. અશ્વિનદાદા, પૂ. વાસુભાઈ, પૂ. અરવિંદભાઈ મૅરિલૅન્ડ પધાર્યા. ૨૦ સપ્ટેમ્બરના રોજ ઍલનટાઉન પરત પધાર્યા અને ન્યૂજર્સી તથા પૅન્સિલવૅનિયા મંડળના મુક્તોની ઉપસ્થિતિમાં મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવ્યો. ૨૧થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન ઍલનટાઉન મંદિરે રોકાઈ, ભક્તોના ઘરે પધરામણીઓ કરી. મહાપૂજામાં પ્રાર્થનાઓ વહાવી સૌને સુખ આપ્યું, સૌનાં કલ્યાણની યાચનાઓ કરી તથા સૌ સર્વ વાતે સુખિયાં બની રહે તેવી કથા-વાર્તા દ્વારા સમજ આપી સૌને કૃતાર્થ કર્યાં.

૨૫ સપ્ટેમ્બરના રોજ યોજિત વિદાય સભામાં સૌની ભાવભરી વિદાય ઝીલી ૨૬ સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને પૂ. વાસુભાઈ ફ્લાઇટમાં યુ.કે. જવા પધાર્યા. ૨૭ સપ્ટેમ્બરે યુ.કે.ના હિથ્રો ઍરપૉર્ટ પર પૂ. હિંમતસ્વામી, પૂ. જયેન્દ્રભાઈ, પૂ. પંકજભાઈ આદિ સંતો તથા વિનુભાઈ, હરીશ મુનિ આદિ ભક્તોએ તેઓનાં ભાવપૂર્ણ સ્વાગત કર્યાં.

અનુપમ મિશનના ડૅન્હમ સ્થિત નૂતન મંદિરે યોજિત સ્વાગતસભામાં સૌના સત્કારભાવ ઝીલી આશીર્વાદ વરસાવ્યા. આ સભામાં ભક્તોએ આવી રહેલ શરદપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે પૂ. અશ્વિનદાદા સમક્ષ મૂળ અક્ષરબ્રહ્મશ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના જીવનચરિત્રની પારાયણ યોજી તેઓના મહિમાગાનનો લાભ પ્રાપ્ત કરવાની ભાવના વ્યક્ત કરી, જેને પૂ. અશ્વિનદાદાએ સહર્ષ સ્વીકારી. પૂ. હિંમતસ્વામીના માર્ગદર્શન હેઠળ ૫થી ૭ ઑક્ટોબર દરમિયાન મંદિરમાં મૂળ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદજીના જીવનચરિત્રનું પારાયણ થયું, જેમાં પૂ. અશ્વિનદાદાએ ગુણાતીતાનંદ સ્વામીના જીવનપ્રસંગોને વર્ણવી તેમની સહજ ગુણાતીત અવસ્થાને ઉજાગર કરી. ગુણાતીતાનંદ સ્વામીના પ્રભુભક્તિના પ્રસંગો તથા તેમની અદ્વિતીય સાધુ અવસ્થાની સચોટ અને અસ્ખલિત વાતો રજૂ કરી પૂ. અશ્વિનદાદાએ સૌને ઉપાસના માર્ગે બળ ભરી સમજૂતી આપી.

૮ ઑક્ટોબરે પિતૃતર્પણની મહાપૂજા યોજાઈ, જેમાં સર્વ સ્વર્ગસ્થ વડીલો, સ્નેહીજનો, સાધક-સંતોને સંભારીને ધૂન-પ્રાર્થનાઓ ધરી. પૂ. અશ્વિનદાદાએ પિતૃઓનું માહાત્મ્ય સમજાવીને અદ્‌ભુત આશીર્વાદ આપ્યા.

મહિનાના અંતિમ રવિવારે આઠ કલાકની અખંડ ધૂન યોજાઈ, જેમાં સૌ ભક્તો સાથે પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને સંતોએ બિરાજી ધૂન-પ્રાર્થના કરી સત્સંગલાભ આપ્યો. ઈસ્ટ લંડનમાં રહેતા ભક્તોના ઘરે પધરામણી અને મહાપૂજા કરી, પ્રાર્થના વહાવી સૌના કલ્યાણ માટે આશીર્વાદ વરસાવ્યા. આ ઉપરાંત, લૅઇસ્ટર અને આસપાસનાં સ્થાનોમાં વસતા ભક્તોના ઘરે પધરામણીઓ કરી સૌને કૃતાર્થ કર્યાં.

૧૬ ઑક્ટોબરના રોજ ઇંગ્લૅન્ડના ભાવિક ભક્તોની ભાવભરી વિદાય લઈ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને સંતો ૧૭ ઑક્ટોબરના રોજ ભારત, બ્રહ્મજ્યોતિ-મોગરી પધારશે. ◆

*(પૂ. જયેશભાઈ, પૂ. હર્ષદદાદા, પૂ. હિંમતસ્વામીના અહેવાલ પરથી સંકલિત)*



પૂ. અશ્વિનદાદા દ્વારા ઇંગ્લૅન્ડમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામીના જીવનપ્રસંગોનું પારાયણ